# આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા

**પ્રશ્નપત્રનુ નામ:** પંચમ કર્મગ્રંથ - શતક (ગાથા 52 થી 100) **પ્રશ્નપત્ર કોડ:** **008**

**તૈયાર કરનારનું નામ:** **આચાર્ય ભગવંત શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

**પ્રાપ્તિસ્થાન** : આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા, ૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસરની પાછળ, વાસણા, અમદાવાદ-7.

**પ્ર.1 ખાલી જગ્યા પૂરો. (ખોટા જવાબના તેટલા માર્ક ઓછા થશે.) (કોઈ પણ 90 ના 60 માર્ક)**

**1)** ____________________ ને વર્જીને બાકીની સર્વે કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ તે અશુભ જાણવી.

A) દેવ આયુષ્ય

B) મનુષ્ય અને દેવ આયુષ્ય

C) મનુષ્ય,દેવ અને તિર્યંચ આયુષ્ય

D) મનુષ્ય,દેવ અને તિર્યંચ આયુષ્ય તથા તીર્થંકર નામ કર્મ

જે કારણ માટે ____________________________________________________ .

E) તે ઉત્કૃષ્ટ સ્થિતિ તીવ્ર મન,વચન અને કાયાના યોગથી બંધાય, જઘન્ય સ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય.

F) ઉત્કૃષ્ટ સ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય અને જઘન્ય સ્થિતિ તીવ્ર મન,વચન,કાયાના યોગથી બંધાય.

G) ઉત્કૃષ્ટ સ્થિતિ તીવ્ર કષાયના ઉદયે બંધાય, જઘન્ય સ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય.

H) ઉત્કૃષ્ટ સ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય અને જઘન્ય સ્થિતિ તીવ્ર કષાયના ઉદયે બંધાય.

**2)** લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદનો પહેલા સમયે અલ્પ યોગ હોય. તે થકી અપર્યાપ્ત એવા બાદર એકેન્દ્રિય,વિકલેન્દ્રિય,અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયનો પહેલા સમયે જઘન્ય યોગ અનુક્રમે ______________ હોય. તે થકી પહેલા દ્વિકનો ઉત્કૃષ્ટ યોગ તે થકી પહેલા દ્વિકનો પર્યાપ્તનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે ________________ હોય. તે થકી અપર્યાપ્ત ત્રસનો ઉત્કૃષ્ટ યોગ,પર્યાપ્ત ત્રસનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ

અનુક્રમે _________________ હોય.એ પ્રકારે સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવના અનુક્રમે સ્થિતિનાં સ્થાનો કહેવા ત્યા પૂર્વોક્ત સૂક્ષ્મ બાદર એકેન્દ્રિયાદિ અપર્યાપ્ત કરતા પર્યાપ્તના________________કહેવા પરંતુ અપર્યાપ્ત બેઈન્દ્રિયને વિશે ______________________ કહેવા.

A) વિશેષાધિક

B) સંખ્યાત ગુણ અધિક

C) અસંખ્યાત ગુણ અધિક

D) અનંત ગુણ અધિક

3) અપર્યાપ્ત જીવો પ્રત્યેક સમયે______________ વીર્યવાળા હોય

A) વિશેષાધિક

B) સંખ્યાત ગુણ અધિક

C) અસંખ્યાત ગુણ અધિક

D) અનંત ગુણ અધિક

અને પ્રત્યેક સ્થિતિ બંધે______________ લોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય.

E) સંખ્યાત

F) અસંખ્ય

G) અનંત

H) અનંતાનંત

સાત કર્મને વિશે તે સ્થિતિબંધના અધ્યવસાયો ______________અને આયુષ્ય કર્મને વિશે ________________ હોય.

I) વિશેષાધિક

J) સંખ્યાત ગુણ અધિક

K) અસંખ્યાત ગુણ અધિક

L) અનંત ગુણ અધિક

**4)** સ્થાવરચતુષ્ક,એકેન્દ્રિય જાતિ,વિકલેન્દ્રિય અને આતપ નામ કર્મને વિશે મનુષ્ય ભવ યુક્ત ચાર પલ્યોપમ અધિક__________________ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો.

તિર્યંચત્રિક,નરકત્રિક અને ઉધોત નામ કર્મનો મનુષ્ય ભવો સહિત ચાર પલ્યોપમ અધિક_______________ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો.

પહેલા વર્જીને સંઘયણ,સંસ્થાન અને વિહાયોગતિ,અનંતાનુબંધી કષાય,મિથ્યાત્વ મોહનીય,દુર્ભગત્રિક અને થીણદ્ધિત્રિક,નીચ ગોત્ર,નપુંસક વેદ અને સ્ત્રી વેદ કર્મનો નર ભવ યુક્ત_________________ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો.

A) 66

B) 132

C) 163

D) 185

એ ___________________ પ્રકૃતિની ઉત્કૃષ્ટ અબંધ સ્થિતિ પંચેન્દ્રિયને વિશે જાણવી.

E) 39

F) 40

G) 41

H) 42

**5)** ____________________, ગ્રૈવેયક અને વિજયાદિકને વિશે ગયેલ જીવની ઉત્કૃષ્ટ અબંધ સ્થિતિ 185 સાગરોપમ નરભવોએ યુક્ત હોય.

A) રત્નપ્રભા

B) ધૂમપ્રભા

C) તમ: પ્રભા

D) મહાતમ: પ્રભા(તમ:તમ: પ્રભા)

**6)** જઘન્યથી નિરંતર બંધ જિનનામ કર્મને વિશે________________ હોય.

A) એક સમય

B) અંતર્મુહૂર્ત

C) દસ(10) હજાર વર્ષ

D) એક પૂર્વ ક્રોડ વર્ષ

**7)** જિન નામ અને ચાર આયુષ્ય એ પાંચ પ્રકૃતિ સિવાય શેષ અધ્રુવ બંધી પ્રકૃતિ જઘન્યથી____________ જ સતત બંધ થાય.

A) એક સમય

B) અંતર્મુહૂર્ત

C) એક મુહૂર્ત

D) 256 આવલિકા

**8)** અશુભ 82 પ્રકૃતિનો તીવ્ર રસ ____________ થી બંધાય અને 42 શુભ પ્રકૃતિનો તીવ્રરસ________થી

બંધાય તથા ___________ થી 42 શુભ પ્રકૃતિનો મંદરસ બંધાય અને ___________ થી 82 અશુભ પ્રકૃતિનો મંદરસ બંધાય.

A) ધન (પૈસા)

B) નિર્ધનતા

C) વિશુદ્ધિ

D) સંકલેશ

**9)** ____________________ એ સત્તર(17) પ્રકૃતિઓ ___________________ઠાણિયા રસવાળી છે- રસયુક્ત બંધાય છે.બાકીની શેષ 103 પ્રકૃતિઓ ________________ઠાણિયા રસવાળી છે- રસયુક્ત બંધાય છે.

A) 5 જ્ઞાનાવરણીય, 4 દર્શનાવરણીય, 5 અંતરાય, 3 વેદ

B) 5 અંતરાય,કેવલ દ્વિક સિવાય શેષ 4 જ્ઞાનાવરણીય અને 3 દર્શનાવરણીય,પુરુષ વેદ અને 4 સંજ્વલન કષાય

C) કેવલ દ્વિક સિવાય શેષ 4 જ્ઞાનાવરણીય અને 3 દર્શનાવરણીય, 5 અંતરાય, જિનનામ અને 4 સંજ્વલન કષાય

D) એક ઠાણિયા, બે ઠાણિયા, ત્રણ ઠાણિયા અને ચાર

E) માત્ર એક ઠાણિયા, બે ઠાણિયા અને ત્રણ

F) માત્ર બે ઠાણિયા, ત્રણ ઠાણિયા અને ચાર

**10)** અશુભ પ્રકૃતિઓનો એક ઠાણિયો રસ તે________________ પછી જ હોય છે.

A) અનિવૃત્તિ બાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ

B) સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાના સંખ્યાતા ભાગ

C) સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાના અસંખ્યાતા ભાગ

D) સૂક્ષ્મ સંપરાય ગુણઠાણા

**11)** શુભ પ્રકૃતિઓના શુભ રસ માટે ઈક્ષુ(શેરડી)નું દ્રષ્ટાંત છે, તેમાં એક ઠાણિયો,બે ઠાણિયો,ત્રણ ઠાણિયો અને ચાર ઠાણિયો રસ કેવી રીતે થાય તેના માટે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય ખોટું નથી.

A) શેરડીના રસના ચાર ભાગ કરીને તેને ઉકાળીને એક ભાગ બાકી રાખવો તે એક ઠાણિયો, બે ભાગ બાકી રાખવો તે બે ઠાણિયો, ત્રણ ભાગ બાકી રાખવા તે ત્રણ ઠાણિયો અને ચારે ચાર ભાગ બાકી રાખવા તે ચાર ઠાણિયો રસ કહેવાય.

B) શેરડીના રસના ચાર ભાગ કરીને ચારે ચારે ભાગ રાખવા તે એક ઠાણિયો, ઉકાળીને બે ભાગ રાખવા તે બે ઠાણિયો, ત્રણ ભાગ બાકી રાખવા તે ત્રણ ઠાણિયો અને એક ભાગ બાકી રાખવા તે ચાર ઠાણિયો રસ કહેવાય.

C) શેરડીના રસના ચાર ભાગ કરીને ચારે ચાર ભાગ રાખવામાં આવે તેને એક ઠાણિયો, ચાર ભાગમાંથી એક ભાગને ઉકાળીને બાળી નાખવામાં આવે તેને બે ઠાણિયો, ચારમાંથી બે ભાગને ઉકાળીને બાળી નાખવામાં આવે તેને ત્રણ ઠાણિયો અને ચાર ભાગમાંથી ત્રણ ભાગને ઉકાળીને બાળી નાખવામાં આવે તેને ચાર ઠાણિયો રસ કહેવામાં આવે.

D) શેરીડીના રસના ચાર ભાગ કરીને ચારે ચાર ભાગ રાખવામાં આવે તે એક ઠાણિયો. શેરડીના રસના બે ભાગ કરીને તેમાંથી ઉકાળીને એક ભાગ રાખવો તે બે ઠાણિયો રસ. શેરડીના રસના ત્રણ ભાગ કરીને તેમાંથી ઉકાળીને એક ભાગ રાખવો તે ત્રણ ઠાણિયો રસ. શેરડીના રસના ચાર ભાગ કરીને તેમાંથી ઉકાળીને એક ભાગ રાખવો તે ચાર ઠાણિયો રસ કહેવાય.

**12)** સત્તર(17) અશુભ પ્રકૃતિના એક ઠાણિયા રસનાં સ્પર્દ્ધક__________________ હોય, તે સ્પર્દ્ધક ઉત્તરોત્તર __________________ ગુણ રસવંત હોય એમ તે બે,ત્રણ,ચાર ઠાણિયા રસના સ્પર્દ્ધકો પણ જાણવા. અહી એક ઠાણિયા સ્પર્ધકો કરતા બે ઠાણિયા સ્પર્ધકો________________ ગુણ રસવંત છે એમ સમજાવું. પણ ઉત્તરોત્તર સ્પર્ધકો_____________ ગુણ રસવાળા છે એમ ન સમજવુ કારણ કે કોઈ પણ એક

સ્પર્ધક પછીનું સ્પર્ધક_______________ રસાણુએ અધિક હોય પણ _______________ ગુણ રસાણુવાળુ ન હોય.

A) સંખ્યાત

B) અસંખ્યાતા

C) અનંત

**13)** એક ઠાણિયા રસ થકી _____________ વીર્યવંત બે ઠાણિયો રસ હોય, એમ બે ઠાણિયાથી ત્રણ ઠાણિયો, ત્રણ ઠાણિયાથી ચાર ઠાણિયો રસ પણ_____________વીર્યવંત જાણવો.

A) વિશેષાધિક

B) સંખ્યાત ગુણ અધિક

C) અસંખ્યાત ગુણ અધિક

D) અનંત ગુણ અધિક

**14)** એકેન્દ્રિય જાતિ,સ્થાવર નામ અને આતપ નામ કર્મનો ઉત્કૃષ્ટ રસ બંધ મિથ્યાદ્રષ્ટિ _____________ કરે, વિકલેન્દ્રિયત્રિક,સૂક્ષ્મત્રિક,નરકત્રિક,તિર્યંચાયુ અને મનુષ્યાયુ એ અગ્યાર(11) પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ બંધ મિથ્યાત્વી _______________ કરે તિર્યંચદ્વિક અને છેવટ્ઠા સંઘયણનો ઉત્કૃષ્ટ રસબંધ_____________ કરે.

A) મનુષ્ય જ

B) દેવતા જ

C) દેવતા અને નારકી

D) તિર્યંચ અને મનુષ્ય

**15)** ________________ ઉધોત નામ કર્મને ઉત્કૃષ્ટ રસે બાંધે.________________ મનુષ્ય દ્વિક,ઔદારિક દ્વિક અને વજ્ર ઋષભનારાય સંઘયણને ઉત્કૃષ્ટ રસે બાંધે.________________ દેવાયુને ઉત્કૃષ્ટ રસે બાંધે.

A) મનુષ્ય જ

B) દેવતા જ

C) નરક જ

D) તિર્યંચ જ

**16)** પાંચ(5) જ્ઞાનાવરણ,9 દર્શનાવરણ,અસાતાવેદનીય,26 મોહનીય,4 મધ્યમ સંઘયણ ચતુષ્ક,5 પ્રથમ સિવાયના પાંચ સંસ્થાન,4 અશુભ વર્ણ ચતુષ્ક,અશુભ વિહાયોગતિ,ઉપઘાત,અસ્થિર ષટ્ક,નીચ ગોત્ર અને 5 અંતરાય આ 68 પાપ પ્રકૃતિને ________________ ઉત્કૃષ્ટ રસે બાંધે.

A) મનુષ્ય જ

B) તિર્યંચ જ

C) મનુષ્ય અને તિર્યંચ જ

D) મનુષ્ય,તિર્યંચ,નરક અને દેવ

**17)** (યથાસંભવ સૂક્ષ્મ સંપરાય અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા) ક્ષપક 32 પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બંધ કરે છે. એ 32 પ્રકૃતિઓ માટે નીચેના વિકલ્પોમાંથી કયો વિકલ્પ યોગ્ય નથી.

A) વૈક્રિય દ્વિક,દેવદ્વિક,આહારક દ્વિક,શુભવિહાયો ગતિ

B) વર્ણ ચતુષ્ક,તૈજસ-કાર્મણ-અગુરુ લઘુ-નિર્માણ એ તૈજસ ચતુષ્ક

C) જિનનામ,સાતાવેદનીય,સમચતુરસ્ર સંસ્થાન,વજ્રઋષભ નારાચ સંઘયણ

D) ત્રસદશક,પંચેન્દ્રિય જાતિ,ઉચ્છવાસ નામ,ઉચ્ચ ગોત્ર

18) જઘન્ય રસ બંધના સ્વામી માટે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય નથી.

A) દેશવિરતિ ચારિત્રની સન્મુખ થયેલો અવિરત સમ્યગ્દ્રષ્ટિ બીજા અપ્રત્યાખ્યાનીય 4 કષાયને જઘન્ય રસે બાંધે.

B) સર્વ વિરતિ ચારિત્રની સન્મુખ વર્તતો દેશવિરતિ ત્રીજા પ્રત્યાખ્યાનીય 4 કષાયને જઘન્ય રસે બાંધે.

C) થીણદ્ધિત્રિક,અનંતાનુબંધી 4 કષાય અને મિથ્યાત્વ મોહનીયને સમ્યક્ત્વ સહિત ચારિત્ર પ્રાપ્ત કરતો મિથ્યાદ્રષ્ટિ જઘન્ય રસે બાંધે.

D) અપ્રમત્ત યતિ અરતિ અને શોક મોહનીયને જઘન્ય રસે બાંધે.

19) જઘન્ય રસ બંધના સ્વામી માટે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય નથી.

A) પાંચ(5) અંતરાય,પાંચ જ્ઞાનાવરણ,ચાર દર્શનાવરણોને સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાવાળો જઘન્ય રસે બાંધે.

B) બે નિદ્રા,અપ્રશસ્ત વર્ણ ચતુષ્ક,હાસ્ય,રતિ,જુગુપ્સા,ભય અને ઉપઘાત નામ કર્મએ વર્ણચતુષ્ક પ્રકૃતિને અપૂર્વકરણ ગુણઠાણાવાળો ક્ષપક જઘન્ય રસે બાંધે.

C) આહારક દ્વિકને પ્રમત્ત યતિ જઘન્ય રસે બાંધે.

D) પુરુષ વેદ અને સંજ્વલન 4 કષાયોને અનિવૃતિ બાદર સંપરાય ગુણઠાણાવાળા ક્ષપક જઘન્ય રસે બાંધે.

20) જઘન્ય રસ બંધના સ્વામી માટે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય નથી.

A) સૂક્ષ્મત્રિક,વિક્લેન્દ્રિય ત્રિક,ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્ક આ 16 પ્રકૃતિને મનુષ્ય અને તિર્યંચ જઘન્ય રસે બાંધે.

B) ઉધોત અને ઔદારિક દ્વિકને દેવ તથા નારકી જઘન્ય રસે બાંધે.

C) તિર્યંચ દ્વિક અને નીચ ગોત્રને તમસ્તમ પ્રભા નારકીના જીવો જ જઘન્ય રસે બાંધે.

D) આતપ નામ કર્મને સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો જ જઘન્ય રસે બાંધે.

**21)** જઘન્ય રસ બંધના સ્વામી માટે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય નથી.

A) સમ્યક્ત્વી જીવ સમ્યક્ત્વથી પડતો સાતા,સ્થિર,શુભ,યશ આ ચાર પ્રકૃતિ જઘન્ય રસે બાંધે.

B) અસાતા,અસ્થિર,અશુભ,અપશ આ ચાર પ્રકૃતિને સમ્યક્ત્વ પામતો મિથ્યાત્વી જીવ જઘન્ય રસે બાંધે.

C) એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામ કર્મને મનુષ્ય અને તિર્યંચ જ જઘન્ય રસે બાંધે.

D) અવિરત સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય પૂર્વે નરકાયુ બાંધીને પછી જિનનામ બાંધતો મરતા મિથ્યાત્વ સન્મુખ થયેલો સર્વ સંક્લિષ્ટ પરિણામવાળો જિનનામને જઘન્ય રસે બાંધે.

**22)** ગાથા-73 માં જે 40 પ્રકૃતિઓને ચારે ગતિવાળા મિથ્યાદ્રષ્ટિ જીવો જઘન્ય રસે બાંધે એમ કહ્યું છે તે પ્રકૃતિઓમાંથી નીચે બતાવેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ યોગ્ય નથી.

A) ત્રસ,બાદર,પર્યાપ્ત,પ્રત્યેક,વર્ણ ચતુષ્ક,તૈજસ,કાર્મણ,અગુરુ લઘુ,નિર્માણ

B) મનુષ્યદ્વિક,વિહાયોગતિદ્વિક,પંચેન્દ્રિય જાતિ,ઉચ્છવાસ,પરાઘાત,નીચ ગોત્ર

C) છ સંઘયણ,છ સંસ્થાન,નપુંસક વેદ,સ્ત્રી વેદ

D) સુભગ,સુસ્વર,આદેય,દુર્ભગ,દુઃસ્વર,અનાદેય

**23)** રસબંધને વિશે સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ એ ચાર પ્રકારના ભાંગાને વિશે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય નથી.

A) વેદનીય કર્મ,નામ કર્મ અને ગોત્ર કર્મના અનુત્કૃષ્ટ રસ બંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ ચાર પ્રકારના ભાંગા છે.

B) જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,મોહનીય,ગોત્ર કર્મ અને અંતરાય કર્મના અજઘન્ય રસબંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ ચાર પ્રકારના ભાંગા છે.

C) જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,મોહનીય,આયુષ્ય અને અંતરાય કર્મના અનુત્કૃષ્ટ રસ બંધના સાદિ-અધ્રુવ બે ભાંગા છે અને વેદનીય,આયુષ્ય,નામકર્મના અજઘન્ય રસ બંધના સાદિ-અધ્રુવ બે ભાંગા છે.

D) તૈજસ-કાર્મણ-અગુરુ લઘુ-નિર્માણ એ તૈજસ ચતુષ્ક અને શુભ વર્ણ ચતુષ્કનો અજઘન્ય રસબંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ ચાર ભાંગા છે તથા તૈજસ ચતુષ્ક સિવાય શેષ 43 ધ્રુવ બંધી પ્રકૃતિનો અનુત્કૃષ્ટ રસબંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ ચાર ભાંગા છે.

**24)** એકાણુક દ્રયાણુકથી માંડીને યાવત્ __________________ પરમાણુવાળા સ્કંધોની ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા થાય છે.

A) અભવ્ય જીવોથી અનંત ગુણ અને સિદ્ધને અનંતમે ભાગે એટલા

B) ભવ્ય જીવોથી અનંત ગુણા અને સિદ્ધને અનંતમે ભાગે એટલા

C) સિદ્ધથી અનંત ગુણા અને ભવ્ય જીવોને અનંતમે ભાગે એટલા

D) ભવ્ય જીવોથી અનંત ગુણા અને સર્વ જીવોને અનંતમે ભાગે એટલા

**25)** સર્વ વર્ગણાને વિશે જઘન્ય ગ્રહણ યોગ્ય વર્ગણાથી ______________________ અધિક ઉત્કૃષ્ટ વર્ગણા હોય.

A) પોતાના અસંખ્યાતમે ભાગે

B) પોતાના અનંતમે ભાગે

C) પોતાનાથી અસંખ્યાત ગુણ

D) પોતાની અનંત ગુણ

**26)** કર્મગ્રંથની ટીકામાં વર્ગણાની વ્યાખ્યા શુ કરી છે ?

A) કર્મગ્રંથની ટીકામાં સ્કંધ અને વર્ગણા એકાર્થક કહ્યા છે કારણકે સ્કંધ-વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગની કહી છે.

B) કર્મગ્રંથની ટીકામાં સ્કંધ અને વર્ગણા એકાર્થક કહ્યા છે કારણકે સ્કંધ-વર્ગણાની અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગની કહી છે.

C) કર્મગ્રંથની ટીકામાં વિજાતીય સ્કંધના સમૂહનું નામ વર્ગણા કહ્યું છે.

D) કર્મગ્રંથની ટીકામાં સ્વજાતીય સ્કંધના સમૂહનું નામ વર્ગણા કહ્યું છે.

**27)** નીચે જણાવેલ ઔદારિક આદિ આઠ(૮) ગ્રહણ યોગ્ય વર્ગણાઓના ક્રમમાં કયો ક્રમ યોગ્ય છે.

A) ઔદારિક,વૈક્રિય,આહારક,ભાષા,શ્વાસોચ્છવાસ,મન,તૈજસ,કાર્મણ.

B) ઔદારિક,વૈક્રિય,આહારક,શ્વાસોચ્છવાસ,ભાષા,મન,તૈજસ,કાર્મણ વર્ગણા.

C) ઔદારિક,વૈક્રિય,આહારક,તૈજસ,ભાષા,શ્વાસોચ્છવાસ,મન,કાર્મણ વર્ગણા.

D) ઔદારિક,વૈક્રિય,આહારક,તૈજસ,શ્વાસોચ્છવાસ,ભાષા,મન,કાર્મણ વર્ગણા.

**28)** ઔદારિકાદિ વર્ગણાઓને વિશે નીચેના વાક્યોમાંથી કયુ વાક્ય યોગ્ય છે.

A) ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સ્થૂલ જાણવી અને તેની અવગાહના ઓછી ઓછી (ન્યૂન ન્યૂન) અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

B) ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સ્થૂલ જાણવી અને તેની અવગાહના વધુ વધુ (અધિક અધિક) અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

C) ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સૂક્ષ્મ જાણવી અને તેની અવગાહના ઓછી ઓછી (ન્યૂન ન્યૂન) અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

D) ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સૂક્ષ્મ જાણવી અને તેની અવગાહના વધુ વધુ (અધિક અધિક) અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

**29)** જીવ જે કર્મ સ્કંધોને ગ્રહણ કરે છે તે કયા સ્પર્શવાળા હોય.

A) શીત,ઉષ્ણ,સ્નિગ્ધ,રૂક્ષ,લઘુ,ગુરુ,મૃદુ,કર્કશ

B) લઘુ,ગુરુ,મૃદુ,કર્કશ

C) સ્નિગ્ધ,રૂક્ષ,મૃદુ,કર્કશ

D) શીત,ઉષ્ણ,સ્નિગ્ધ,રૂક્ષ

**30)** સામાન્યથી દરેક કર્મ પરમાણુમાં____________________ રસાણુ હોય છે.

A) સર્વ જીવ રાશિથી અનંતગુણ

B) સર્વ અજીવ રાશિથી અનંતગુણ

C) સર્વ પુદ્ગલ રાશિથી અનંતગુણ

D) જીવાજીવ સર્વ દ્રવ્યથી અનંતગુણ

**31)** સામાન્યથી દરેક કાર્મણ સ્કંધ _________________ પ્રદેશવાળો હોય છે.

A) સંખ્યાત

B) અસંખ્યાત

C) અનંત

D) અસંખ્યાત અથવા અનંત

**32)** રાગાદિ સ્નેહગુણના યોગે જીવ પોતાના______________________ આત્મપ્રદેશથી કર્મનુ ગ્રહણ કરે છે.

A) પા(1/4) ભાગના જ

B) અડધા(1/2) ભાગના જ

C) પોણા ભાગના જ

D) સર્વ

**33)** જીવ કયા રહેલા કાર્મણ સ્કંધોને ગ્રહણ કરે છે.

A) જીવ જે આકાશ પ્રદેશમાં રહેલો હોય તેના અનંતર અને પરંપર આકાશ પ્રદેશમાં રહેલા કાર્મણ સ્કંધોને જીવ ગ્રહણ કરે છે.

B) જીવ જે આકાશ પ્રદેશમાં રહેલો હોય તેના અનંતર આકાશ પ્રદેશમાં રહેલા જ કાર્મણ સ્કંધોને જીવ ગ્રહણ કરે છે.

C) જીવ જે આકાશ પ્રદેશમાં રહેલો હોય તે અને તેના અનંતર આકાશ પ્રદેશમાં રહેલા જ કાર્મણ સ્કંધોને જીવ ગ્રહણ કરે છે.

D) જીવ જે આકાશ પ્રદેશમાં રહેલો હોય તે જ આકાશ પ્રદેશમાં રહેલા કાર્મણ સ્કંધોને ગ્રહણ કરે છે અન્ય અનંતર કે પરંપર આકાશ પ્રદેશમાં રહેલા કાર્મણ સ્કંધોને ગ્રહણ કરતો નથી.

**34)** આઠ મૂલ કર્મને વિશે જીવ જ્યારે આઠે પ્રકારના કર્મ બાંધતો હોય ત્યારે સૌથી ઓછો ભાગ કયા કર્મ રૂપે પરિણમે ? શા માટે ?

A) દર્શનાવરણીય કર્મ રૂપે પરિણમે કારણ કે તે સામાન્ય બોધને રોકે છે.

B) જ્ઞાનાવરણીય કર્મ રૂપે પરિણમે કારણ કે તે સામાન્ય બોધને રોકે છે.

C) આયુષ્ય કર્મ રૂપે પરિણમે કારણ કે અન્ય કર્મની અપેક્ષાએ અલ્પ સ્થિતિ છે.

D) અંતરાય કર્મ રૂપે પરિણમે કારણ કે તે સામાન્યથી અંતરાય કરે છે.

**35)** આઠ મૂલ કર્મને વિશે જીવ જ્યારે આઠે પ્રકારના કર્મ બાંધતો હોય ત્યારે સૌથી અધિક ભાગ કયા કર્મ રૂપે પરિણમે ? શા માટે ?

A) મોહનીય કર્મ રૂપે પરિણમે કારણ કે અન્ય કર્મની અપેક્ષાએ વધુ સ્થિતિ છે.

B) મોહનીય કર્મ રૂપે પરિણમે કારણ કે થોડા દલિક હોતે છતે રાગ-દ્વેષનો સ્પષ્ટ બોધ ન થાય.

C) આયુષ્ય કર્મ રૂપે પરિણમે કારણ કે થોડા દલિક હોતે છતે આયુષ્યને સ્પષ્ટ બોધ ન થાય.

D) વેદનીય કર્મ રૂપે પરિણમે કારણ કે થોડા દલિક હોતે છતે વેદનીયનો સ્પષ્ટ બોધ ન થાય.

**36)** આઠ મૂલ કર્મને વિશે જીવ જ્યારે આઠે પ્રકારના કર્મ બાંધતો હોય ત્યારે કયા કયા કર્મને સ્વ સ્થાને પરસ્પર તુલ્ય ભાગ હોય.

A) જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,વેદનીય

B) નામ,ગોત્ર,અંતરાય

C) જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,મોહનીય

D) જ્ઞાનાવરણીય,દર્શનાવરણીય,અંતરાય

**37)** પોતાની મૂલ પ્રકૃતિરૂપ જાતિ વડે પ્રાપ્ત કરેલ દલિકનો ________________ ભાગ સર્વઘાતિ પ્રકૃતિને ભાગે આવે છે.

A) સંખ્યાતમો

B) અસંખ્યાતમો

C) અનંતમો

D) અડધો(1/2)

**38)** બંધાયેલા કર્મના દલિયાનુ ઉત્તર પ્રકૃતિઓનાં વહેંચણી ક્યારે થાય ?

A) કર્મ જે સમયે બંધાય તે સમયે જ તે દલિયાના ભાગ વહેંચાય.

B) કર્મ જે સમયે બંધાય તેના પછીના એક જ સમયમાં તે દલિયાના ભાગ વહેંચાય.

C) કર્મ જે સમયે બંધાય તેના પછીના 1 થી 9 સમયમાં જ તે દલિયાના ભાગ વહેંચાય.

D) કર્મ જે સમયે બંધાય તેના પછી એક અંતર્મુહૂર્તમાં જ તે દલિયાના ભાગ વહેંચાય.

**39)** સમ્યક્ત્વ વિશે દેશવિરતિ વિશે,સર્વવિરતિને વિશે વિગેરે કૂલ ____________________ ગુણ શ્રેણિ હોય છે.

A) 9

B) 10

C) 11

D) 12

**40)** ઉદયસમયથી માંડીને (અંતર્મુહૂર્ત સુધી) પ્રતિ સમયે______________ કર્મ દલિકની રચના કરવી તે ગુણશ્રેણી કહેવાય.

A) દ્વિગુણ (ગુણાકારે)

B) સંખ્યાત ગુણ (ગુણાકારે)

C) અસંખ્ય ગુણ (ગુણાકારે)

D) અનંત ગુણ (ગુણાકારે)

**41)** ગુણશ્રેણીવંત જીવને વિશે સમ્યક્ત્વ ગુણવંત જીવને થોડી  નિર્જરા હોય, તેનાથી દેશવિરતિ જીવ ________________ નિર્જરા કરે અને તેનાથી સર્વવિરતિ જીવ ______________ નિર્જરા કરે.

A) દ્વિ ગુણી

B) સંખ્યાત ગુણી

C) અસંખ્યાત ગુણી

D) અનંત ગુણી

**42)** બીજા સાસ્વાદન ગુણઠાણે જઘન્ય અંતર________________ હોય અને ચોથા અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે જઘન્ય અંતર_________________ હોય.

A) અંતર્મુહૂર્ત

B) એક પલ્યોપમ

C) પલ્યોપમનો સંખ્યાતમો ભાગ

D) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

**43)** પહેલા મિથ્યાત્વ ગુણઠાણે ઉત્કૃષ્ટ અંતર______________ હોય અને દસમાં સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે ઉત્કૃષ્ટ અંતર________________ હોય.

A) અંતર્મુહૂર્ત

B) 132 સાગરોપમ

C) કાંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત

D) અર્ધ પુદ્ગલ પરાવર્ત

**44)** ________________વાલાગ્રનુ ઉદ્ધરણ કરતા(કાઢતા) અદ્ધા પલ્યોપમ થાય અને _______________ વાલાગ્રનુ ઉદ્ધરણ કરતા(કાઢતા) ઉદ્ધાર પલ્યોપમ થાય.

A) સમયે સમયે

B) વર્ષે વર્ષે

C) દસ દસ વર્ષ

D) સો સો વર્ષે

**45)** સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમથી _____________ની ગણતરી થાય છે. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમથી ________________ની ગણતરી થાય છે અને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપામથી _______________ની ગણતરી થાય છે.

A) ત્રસાદિ જીવો

B) ધન (પૈસા)

C) આયુષ્ય

D) દ્વીપ-સમુદ્ર

**46)** ________________ મરણ વડે સ્પર્શ કરાય ત્યારે ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત થાય.

A) એક ચૌદ રાજ લોકના આકાશ પ્રદેશો

B) અસંખ્ય ચૌદ રાજ લોકના આકાશ પ્રદેશો

C) અનંત ચૌદ રાજ લોકના આકાશ પ્રદેશો

D) લોકાલાકના સર્વ આકાશ પ્રદેશો

**47)** ________________મરણ વડે સ્પર્શ કરાય ત્યારે કાલ પુદ્ગલ પરાવર્ત થાય.

A) એક ઉત્સર્પિણી અથવા અવસર્પિણીના સમયો

B) એક ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો

C) અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો

D) અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો

**48)** ઉત્કૃષ્ટ પ્રદેશ બંધને વિશે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે.

A) વધારે પ્રકૃતિનો બંધક, સર્વ જઘન્ય યોગવાળો અને અસંજ્ઞી પર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે.

B) અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વ જઘન્ય યોગવાળો અને સંજ્ઞી પર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે.

C) અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વોત્કૃષ્ટ યોગવાળો અને સંજ્ઞી પર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે.

D) અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વોત્કૃષ્ટ યોગવાળો અને અસંજ્ઞી પર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે.

**49)** મિથ્યાદ્રષ્ટિ,અવિરત સમ્યગ્દ્રષ્ટિ,દેશવિરતિ,પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત આ પાંચ ગુણઠાણાવાળા જીવો____________________કર્મ ઉત્કૃષ્ટ પ્રદેશનું બાંધો.

A) નામ

B) ગોત્ર

C) વેદનીય

D) આયુષ્ય

**50)** બીજુ સાસ્વાદન અને ત્રીજુ મિશ્ર ગુણઠાણુ વર્જીને શેષ મિથ્યાત્વથી અનિવૃત્તિ પર્યંત સાત ગુણઠાણાવાળા ___________________ કર્મ ઉત્કૃષ્ટ પ્રદેશનું બાંધે.

A) જ્ઞાનાવરણીય

B) મોહનીય

C) નામ

D) વેદનીય

**51)** ____________________ ગુણઠાણાવાળો પુરુષવેદનો અને ___________________ગુણઠાણવાળો જિનનામનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે.

A) મિથ્યાત્વ

B) અવિરત સમ્યગ્દ્રષ્ટિ

C) અપ્રમત્ત સંયત

D) અનિવૃત્તિ બાદર

**52)** __________________ આહારક દ્વિકનો જઘન્ય પ્રદેશ બંધ કરે.

A) અવિરત સમ્યગ્દ્રષ્ટિ

B) પ્રમત્ત સંયત

C) અપ્રમત્ત સંયત

D) સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાવાળા

**53)** _________________ યોગ સ્થાનો છે.

A) શ્રેણીના સંખ્યાતમે ભાગે

B) શ્રેણીના અસંખ્યતમે ભાગે

C) એક શ્રેણી જેટલા

D) અસંખ્ય શ્રેણી જેટલા

**54)** યોગસ્થાનોથી પ્રકૃતિ ભેદો,સ્થિતિ ભેદો,સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો અને રસબંધના અધ્યવસાય સ્થાનો અનુક્રમે _______________ છે.

A) વિશેષાધિક

B) સંખ્યાત ગુણા અધિક

C) અસંખ્યાત ગુણા અધિક

D) અનંત ગુણા અધિક

**55)** કર્મના સ્કંધો કરતા રસના અવિભાગપલિચ્છેદો___________________છે.

A) વિશેષાધિક

B) સંખ્યાત ગુણા અધિક

C) અસંખ્યાત ગુણા અધિક

D) અનંત ગુણા અધિક

**56)** પાંચમા કર્મ ગ્રંથની ગાથા પ્રમાણે__________________ થી પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ થાય તથા______________________થી સ્થિતિ બંધ અને રસ બંધ થાય.

A) મિથ્યાત્વ

B) અવિરતિ

C) કષાય

D) યોગ

**57)** ચૌદ રાજ પ્રમાણ લોક તેને મતિ કલ્પનાએ ઘન કરેલા_________________ રાજ પ્રમાણ થાય.

A) એક

B) સાત (7)

C) દસ (10)

D) ચૌદ (14)

**58)** કેટલા પલ્યોપમે એક સાગરોપમ થાય ?

A) એક કરોડ

B) દસ કરોડ

C) એક કોડા કોડી

D) દસ કોડા કોડી

**ખોટા જવાબના તેટલા માર્ક ઓછા થશે.**

## પ્ર.2 જોડકા જોડો. (8 માર્ક)

**1) કર્મ – ઉત્કૃષ્ટ સતત બંધકાળ**

| | |
|---|---|
| 1. સાતાવેદનીય | A. એક સમય |
| 2. ઔદારિક શરીર નામકર્મ | B. અંતર્મુહૂર્ત |
| 3. સુરદ્વિક અને વૈક્રિય દ્વિક | C. એક પલ્યોપમ |
| 4. ચાર આયુષ્ય | D. ત્રણ પલ્યોપમ |
| 5. શુભવિહાયોગતિ,પુરુષ વેદ,સૌભાગ્ય,સુસ્વર,આદેય,ઉચ્ચ ગોત્ર,સમચતુરસ્ર સંસ્થાન | E. દેશોન પૂર્વ ક્રોડ વર્ષ(કંઈક ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ) |
| 6. જિન નામ | F. 33 સાગરોપમ |
| 7. પરાઘાત,ઉચ્છવાસ,પંચેન્દ્રિય જાતિ,ત્રસ ચતુષ્ક | G. 66 સગારોપમ |
| 8. આહારક દ્વિક,નરક દ્વિક,આતપ,ઉધોત,સ્થિર,શુભ,યશ | H. 132 સાગરોપમ |
| 9. સ્થાવર દશક,અશુભ વિહાયોગતિ,એકેન્દ્રિય,બેઈન્દ્રિય,તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિ | I. 163 સાગરોપમ |
| 10. સ્ત્રી વેદ,નપુંસક વેદ,હાસ્ય,રતિ,અરતિ,શોક,અસાતા વેદનીય | J. 185 સાગરોપમ |

| | |
|---|---|
| 11. પહેલા સિવાયના પાંચ સંસ્થાન અને પહેલા સિવાયના પાંચ સંઘયણ | K. અસંખ્ય પુદ્રગલ પરાવર્ત કાલ |
| 12. મનુષ્ય દ્વિક,વજ્ર ઋષભનારાચ સંઘયણ,ઔદારિક અંગોપાંગ | |

## પ્ર.3 વ્યાખ્યા લખો. (4 ના 4 માર્ક)

1) (રસ બંધને વિશે) અવિભાગ પલિચ્છેદ

2) (રસ બંધને વિશે) વર્ગણા

3) (રસ બંધને વિશે) સ્પર્દ્ધક

4) (રસ બંધને વિશે) અનુભાગ

5) શ્રેણી (સુચિ શ્રેણી)

6) પ્રતર

## પ્ર.4 સવાલના જવાબ લખો. (8 ના 12 માર્ક)

1) જિન નામ કર્મને વિશે જઘન્યથી સતત બંધનો જે કાળ કહ્યો છે, તે કેવી રીતે થાય ?

2) શુભ પ્રકૃતિઓનો એક ઠાણિયા રસનો બંધ શા માટે ન થાય ?

3) મનુષ્ય અને તિર્યંચોને એકેન્દ્રિય જાતિ નામ કર્મના ઉત્કૃષ્ટ રસ બંધના સ્વામી શા માટે કહ્યા નથી ?

4) મોહનીય કર્મના અજઘન્ય રસ બંધના અથવા નામ કર્મના અનુત્કૃષ્ટ રસબંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ એ ચાર ભાંગા કોને અને કેવી રીતે થાય ?

5) બીજા(2) સાસ્વાદન ગુણસ્થાનકનો જે જઘન્ય અંતરકાલ કહ્યો છે તે કેવી રીતે થાય તે સમજાવો.

6) પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકનો જે ઉત્કૃષ્ટ અંતરકાલ કહ્યો છે તે કેવી રીતે થાય તે સમજાવો.

7) દસમા(10) સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકનો જે ઉત્કૃષ્ટ અંતરકાલ કહ્યો છે તે કેવી રીતે થાય તે સમજાવો.

8) દેશવિરતિને વિશે ગુણશ્રેણી કેવી રીતે થાય છે તે સમજાવો.

9) મોહનીય અને આયુ સિવાય શેષ 6 મૂળ પ્રકૃતિના અનુત્કૃષ્ટ પ્રદેશ બંધના સાદિ,અનાદિ,ધ્રુવ,અધ્રુવ આ ચાર ભેદ કેવી રીતે થાય તે સમજાવો.

## પ્ર.5 વિસ્તારથી સવાલના જવાબ લખો. (16 માર્ક)

1) સૂક્ષ્મ દ્ધા પલ્યોપમ,સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કેવી રીતે થાય તેને સમજાવો.

2) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્રગલ પરાવર્ત,સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્રગલ પરાવર્ત અને સૂક્ષ્મ કાલ પુદ્રગલ પરાવર્ત કાળ કેવી રીતે થાય તેને સમજાવો.

3) ઉપશમ શ્રેણીને વિસ્તારથી સમજાવો.

4) ક્ષપક શ્રેણીને વિસ્તારથી સમજાવો.